ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વડોદરા-છોટાઉદેપુર

ડભોઇ પંથકમાં છેલ્લા પંદર દિવસથી તસ્કરોના આતંકથી લોકોમાં ભારે ફફડાટ

ડભોઈની નંદનવન સોસાયટીમાં ચાર મકાનના તાળા તોડી તસ્કરો ફરાર

એક જ રાતમાં ચોરીથી ભયનું વાતાવરણ, શહેરમાં વધતી ઘરફોડથી લોકોમાં ફફડાટ

(પ્રતિનિધિ) ડભોઈ, તા.26

ડભોઈ શહેરની નંદનવન સોસાયટીમાં એક જ રાત્રી દરમિયાન તસ્કરોએ ચાર મકાનોના તાળા તોડી ચોરીને અંજામ આપતાં સમગ્ર વિસ્તારમાં ભયનું વાતાવરણ સર્જાયું છે. આ બનાવમાં એક મકાનમાંથી સોનાની બુટ્ટીઓ, અંગૂઠી તથા રોકડ રકમ ચોરી કરીને તસ્કરો ફરાર થઈ ગયા હતા.

છેલ્લા પંદર દિવસથી ડભોઈમાં તસ્કરોનો આતંક વધતો જઈ રહ્યો છે. ગત સપ્તાહમાં એક જ રાતમાં સાત બંધ મકાનો અને એક એક્ટીવાની ચોરી બાદ વસઈ વાળા જીન વિસ્તારમાં બંધ મકાનમાંથી રૂ. આઠ લાખના દાગીના અને રૂ. ૩,૫૦૦ રોકડની ચોરી નોંધાઈ હતી. ત્યારબાદ કોહિનૂર પાર્ક સોસાયટી અને સીમળીયા ગામમાંથી પાંચ મોટરસાયકલની ચોરી થતાં નગરજનોમાં ભારે ચિંતા ફેલાઈ છે.

હાલમાં વિભાગીય નાયબ પોલીસ અધિક્ષકની કચેરી પાછળ આવેલી નંદનવન સોસાયટીમાં રાકેશભાઈ બ્રહ્મભટ્ટ, આર.પી. શાહ, પ્રવિણભાઈ સોની, પિંકલબેન પટેલ, ધ્રુવ તડવી સહિતના રહેવાસીઓના મકાનો તસ્કરોના નિશાને આવ્યા છે. દિવસે રોલકોલ કરતી પોલીસ સામે રાત્રે તસ્કરો નવાં દાવ અજમાવી રહ્યા હોવાનો આક્ષેપ સ્થાનિકો કરી રહ્યા છે. ઠંડીનું જોર ઘટ્યું હોવા છતાં ચોરીઓ ચાલુ રહેતાં સોસાયટી વિસ્તારો પણ હવે અસુરક્ષિત બન્યા છે. સવાર થતાં પોલીસને જાણ કરાય ત્યારે જ ચોરીનો ખ્યાલ આવતો હોવાની ફરિયાદો છે.

શકમંદો પોલીસની નજરથી અળગા

છેલ્લા પંદર દિવસમાં ઘરફોડ અને વાહન ચોરીઓ વધવા છતાં ચેન રિપેરિંગ, જૂના મોબાઈલ વેચાણ, કુરિયા વેચવા જેવા કામે ફરતા પરપ્રાંતીયો અને સ્થાનિક શકમંદો નિર્ભયપણે શેરીએ શેરીએ ફરતા જોવા મળતાં નગરજનોમાં આશ્ચર્ય અને રોષ જોવા મળી રહ્યો છે.

બોડેલી બેઠક જિલ્લા પંચાયત નગરપાલિકામાં મર્જ થઇ

જબુગામ બેઠક જીલ્લા પંચાયતમાં નિયુક્ત કરવા કલેક્ટરને રજૂઆત

બોડેલી પાલિકામાં સમાવેશનો વિરોધ કરાયો

(પ્રતિનિધિ) બોડેલી, તા.26

જબુગામની બેઠકનું પુનઃ મૂલ્યાંકન કરી જબુગામ જિલ્લા પંચાયતને ક્રમ અનુસાર યથાવત રાખવા દરજ્જો આપવા યોગ્ય કાર્યવાહી કરી ચકાસણી દ્વારા વસ્તીની ગણતરીને ધ્યાનમાં લઇ જબુગામ જિલ્લા પંચાયત બેઠક ફરી પાછી મૂળ અસ્તિત્વમાં લાવવા માગણી ઉઠી છે.

જબુગામ છોટાઉદેપુર જિલ્લાનું ખેતી ક્ષેત્રે અગ્રેસર ધરાવતું મહત્વનું ગામ છે. અહિંયા અનેક વિવિધ. સંસ્થાઓ સહિત અનેક સરકારી અને અર્ધ સરકારી કચેરીઓ આવેલી છે. જબુગામ એ નેશનલ હાઈવે નં. 56ના મેઈન રોડ ઉપર આવેલુ અને ગુજરાત અને મધ્ય પ્રદેશને જોડતું આ ગામ છે.

જબુગામની આજુબાજુના નાના મોટા 20થી 25 જેટલા ગામોનો વ્યવહાર જબુગામ સાથે રોજબરોજની જરૂરિયાતો સાથે સંકળાયેલો છે. જેમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બેંક ઓફ બરોડા, સામુહિક આરોગ્ય કેન્દ્ર, દૂધ ડેરી,ખેતીવાડી કાર્યાલય, સી. એન.બક્ષી સાર્વજનિક વિધાલય, જબુગમમાં ઐતિહાસિક તાત્યાટોપે મેદાન, કૃષિ યુનિવર્સિટી આવેલી છે. જેમાં તાલુકા, જીલ્લા અને રાજ્ય કક્ષાની રમતો રમાય છે. જબુગામ ગ્રુપ પ્રાથમિક શાળા, તાલીમ ઔદ્યોગિક સંસ્થા (આઈટીઆઈ), સરકારી આણંદ કૃષિ યુનિવર્સિટી છે. જેમાં અભ્યાસ અર્થે વિદ્યાર્થીઓ આવે છે. જબુગામ ખેડૂતો માટેનું મુખ્ય મથક છે ખેતી કે બેંક, દવાખાનામાં, ખેડૂતો, લોકો લાગતા-વળગતા રોજ રોજ કામકાજ અર્થે જબુગામમાં આવે છે.

જિલ્લા પંચાયત મર્જ થતા હવે બોડેલીને નગર પાલિકાનો દરજ્જો મળતા તેટલા મતદારો અને બે (૨) તાલુકા પંચાયતોનો નગરપાલિકામાં સમાવેશ થતા જિલ્લા પંચાયતની બેઠક જે વર્ષો પહેલા જબુગામ હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

બોડેલી શિરોલાવાલા હાઈસ્કૂલ દ્વારા બોડેલી ઇન્ટર સ્કૂલ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ કરાયું

બોડેલી : બોડેલી નગરમાં પ્રથમ વખત જ બોડેલીની નામાંકિત એવી શેઠ એચ.એચ શિરોલાવાલા હાઇસ્કૂલ, બોડેલીનાં યજમાન પદે આજથી બોડેલી દ્વારા આયોજિત ઇન્ટર સ્કૂલ ક્રિકેટ ટુર્નામેન્ટનું આજે શિરોલાવાલા હાઈસ્કૂલના સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ પર પ્રારંભ થયો છે. આજે બપોરનાં બાર કલાકે બી એ પી એસ સ્વામિનારાયણ મંદિરનાં કોઠારી સ્વામી પૂજ્ય વેદપ્રિય સ્વામી તથા શ્રી સ્વામિનારાયણ વિદ્યામંદિરનાં સંચાલક પૂજ્ય સંતરત્ન સ્વામીનાં વરદ હસ્તે શ્રીફળ વધેરી વિધિવત રીતે પ્રારંભ કરવામાં આવ્યો ત્યારે શાળાના આચાર્ય સુરેશભાઈ પટેલ, સુપરવાઈઝરો એમ.એસ ગજ્જર તથા પી.એફ રાઠવા સાથે આજના પ્રથમ દિવસે ટુનમિન્ટનાં પ્રથમ દિવસે ટુનમિન્ટની પ્રથમ મેચ રમવા આવેલ નગરની શિવભારતી હાઈસ્કૂલ અને શ્રી સ્વામિનારાયણ વિદ્યામંદિર ટીમમાં ખેલાડીઓ, શિક્ષકો હાજર રહ્યા હતા.

બોડેલીના છાત્રોએ સાંસદ ખેલમહાકુંભમાં રસ્સા ખેંચ સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવ્યો

બોડેલી : સાંસદ ખેલ મહોત્સવ વર્ષ ૨૦૨૫ અંતર્ગત છોટાઉદેપુર જિલ્લાના પોલીસ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલી જિલ્લા કક્ષાની રસ્સાખેંચ સ્પર્ધામાં ખત્રી વિદ્યાલયના વિદ્યાર્થીઓએ પ્રશંસનીય પ્રદર્શન કરી જિલ્લામાં દ્વિતીય સ્થાન મેળવી સાંસદ જશુભાઈ રાઠવા સાહેબના હસ્તે સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે. આ સિદ્ધિ દ્વારા વિદ્યાર્થીઓએ શાળાનું નામ જિલ્લામાં ગૌરવપૂર્વક ઉજાગર કર્યું છે. આ સ્પર્ધામાં જિલ્લામાંથી કુલ છ ટીમોએ ભાગ લીધો હતો. કઠિન સ્પર્ધા વચ્ચે ખત્રી વિદ્યાલયની ટીમે શારીરિક ક્ષમતા, શિસ્ત અને ઉત્તમ ટીમવર્કનું દર્શન કરાવી દ્વિતીય ક્રમ હાંસલ કર્યો. આ સફળતા બદલ ટીમને છો.ઉદેપુર ધારાસભ્ય રાજુભાઈ રાઠવાના હસ્તે રૂ. 7000/- નો રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. આ સ્પર્ધાનું આયોજન છોટાઉદેપુર પોલીસ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યું હતું. મહાનુભાવોએ ખેલાડીઓને પ્રોત્સાહન આપી રમતગમત દ્વારા યુવાનોના સર્વાંગી વિકાસ પર ભાર મૂક્યો હતો.

મંજુસર GIDCમાં કામદાર રાજ્ય વીમા યોજના અંતર્ગત ESI હોસ્પિટલનું ઉદ્ઘાટન કરાયું

સાવલી : સાવલી તાલુકાના મંજુસર જીઆઇડીસી ખાતે 500 થી વધુ વિવિધ પ્રકારની ઇન્ડસ્ટ્રીઝ આવેલી છે જેમાં અકસ્માત, ઇમરજન્સી સેવા વેળા એ સમયસર સારવાર ન મળવાના કારણે કામદારોને જીવ ગુમાવવાનો વારો આવે છે જે બાબતે ઇન્ડસ્ટ્રીયલ એસોસીએશન અને કર્મચારીઓની વર્ષો જૂની સારવાર માટે હોસ્પિટલ બનાવવાની રજૂઆત સરકાર માં કરેલ હતી. જે અંતર્ગત કામદાર રાજ્ય વીમા યોજના હસ્તક ઈ.એસ.આઈ. હેઠળ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત દ્વારા નવિન દવાખાના ની કેન્દ્રની અને ગુજરાતની ભાજપા સરકાર દ્વારા મંજૂરી મળેલ છે જે નવિન હોસ્પિટલ બનાવવાની કાર્યવાહી પણ ચાલુ છે. જે સંદર્ભે કામદારોને આરોગ્ય લક્ષી તકલીફ નામ પડે જે હેતુસર મંજુસર જીઆઇડીસી ખાતે કામદાર વીમા યોજના ડી-1 હોસ્પિટલ શરૂ કરવામાં આવેલ છે. જેનું વડોદરા સાંસદ હેમાંગભાઈ જોશી અને ધારાસભ્ય કેતન ઇનામદાર ની ઉપસ્થિતિમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

સાવલી ભીમનાથ મહાદેવથી જન આક્રોશ રેલીનો પ્રારંભ

(પ્રતિનિધિ) સાવલી, તા.26

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા આયોજિત જન આક્રોશ રેલી સાવલી પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ સાવલીના મહાદેવ મંદિરે દર્શન કરી રેલીનો શુભ આરંભ કર્યો હતો.

સાવલી ખાતે કોંગ્રેસ દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપી હતી. આ જન આક્રોશ રેલીનું ગોઠડા બહુથા ટુંડાવ અને મંજુસર ગામે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મંજુસર જીઆઈસીડીસી ગેટ ખાતે કામદારો સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઔદ્યોગિક વિસ્તારના કામદારોના પ્રશ્નો, મુશ્કેલીઓ અને હક અંગે ખુલ્લી ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમના પ્રાસંગિક પ્રવચનમાં અમિત ચાવડાએ કામદારોની રજૂઆતો સાંભળીને મુખ્યત્વે 8 કલાક નોકરી લઘુત્તમ વેતન સેફ્ટીની સુરક્ષાનો અભાવ સ્થાનિક યુવકોને નોકરીનો અભાવ અને મોટાભાગે અકસ્માતોના બનાવો મુદ્દે ભાજપ સરકારની ભારે ઝાટકણી કરી હતી અને તાલુકામાં બેફામ રેતી ખનન અને બેરોજગારી ના મુદ્દાને બજેટ સત્રમાં ઉગ્ર રજૂઆત કરાશે.

નર્મદા કિનારે બેફામ રેતી ખનનથી શિનોરના પૌરાણિક મંદિરો પર ખતરો

સીસોદરા ગામના ભાઠામાં એક કિલોમીટર સુધી રેતી ખનન, પ્રજામાં રોષ

(પ્રતિનિધિ) શિનોર, તા.26

વડોદરા જિલ્લાના છેક છેવાડે નર્મદા નદીના પવિત્ર કિનારે આવેલા શિનોર તાલુકામાં સામેના કિનારે આવેલા નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના સીસોદરા ગામના ભાઠામાં બેફામ રેતી ખનન થતું હોવાના કારણે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આશરે એક કિલોમીટર લાંબા નદી પટમાં રેતી લીઝધારકો દ્વારા હાઈવા વાહનો મારફતે આડેધડ રેતી કાઢવામાં આવી રહી છે, જેને કારણે શિનોર તાલુકાના નર્મદા કિનારે આવેલા અતિ પૌરાણિક મંદિરો માટે ખતરાની ઘંટી વાગી છે.

શિનોર તાલુકામાં નર્મદા કિનારે ભંડારેશ્વર મહાદેવ, રોહિણીશ્વર મહાદેવ, કૃષ્ણેશ્વર મહાદેવ તેમજ સૌભાગ્ય સુંદરી માતાનું મંદિર જેવા ઐતિહાસિક અને ધાર્મિક સ્થળો આવેલાં છે. આ તમામ સ્થળો નદીના ભેખડ પર સ્થિત હોવાથી સામેના કિનારે થતું રેતી ખનન નદીની કુદરતી ભૂસંરચનામાં ફેરફાર લાવી શકે છે. રેતી કાઢવાથી નદીના પટમાં ઊંડા ખાડા પડી રહ્યા છે, જેના કારણે નર્મદાના કુદરતી પ્રવાહમાં અવરોધ સર્જાવાની અને ચોમાસામાં ભારે નુકસાન થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે સીસોદરા વિસ્તારમાં રેતી લીઝ ફાળવણી સમયે યોજાયેલી પર્યાવરણીય સુનાવણીમાં શિનોર તાલુકાના નર્મદા કિનારે આવેલા ગામોના રહેવાસીઓ તથા ધાર્મિક સ્થળોના હિતધારકોને સામેલ કરવામાં આવ્યા ન હતા. પરિણામે પ્રજામાં ભારે રોષ ફેલાયો છે.

છોટાઉદેપુરમાં વિશ્વહિન્દુ પરિષદ અને બજરંગ દળના દ્વારા દેખાવો યોજાયાં

છોટાઉદેપુરમાં હિન્દુ સંગઠનો દ્વારા બાંગ્લાદેશના વિરોધમાં ધરણા કરાયાં

બાંગ્લાદેશના મોહમ્મદ યુનુસનું પૂતળું બાળી વિરોધ કરાયો

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.26

બાંગ્લાદેશ માં છેલ્લા થોડાક સમય થી જે રાજકીય અસ્થિરતા ઉભી થઇ છે, તે માટે ત્યાંની મોહમ્મદ યુનુસની અંતરીમ સરકારે આ રાજકીય અસ્થિરતા માટે ભારત અને હિંદુઓ જવાબદાર છે, તે પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ કર્યા પછી આખા બાંગ્લાદેશમાં હિંદુઓ વિરુદ્ધ એક જુવાળ ઉભો થયો અને એક પછી એક હિંદુઓના ધાર્મિક મંદિરો, હિંદુઓના મકાન, દુકાનો ને જેહાદીઓ દ્વારા નિશાન બનાવવાની શરૂઆત થઈ હતી. બર્બરતાની હદ ત્યાં થઈ જ્યારે ગત દિવસોમાં હિન્દૂ યુવકોની બેરહેમી થી હત્યા કરી હોવાની ઘટના બાદ ભારતભર ના હિન્દુઓમાં બાંગ્લાદેશની સરકાર સામે જનાક્રોશ ઉઠ્યો છે. ત્યારે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા આ સમગ્ર ઘટના અંગે વિરોધ પ્રદર્શન યોજવામાં આવી રહ્યા છે. અને બાંગ્લાદેશમાં વસતા હિંદુઓ ની સુરક્ષા માટે મોદી સરકારે કડક હાથે લશ્કરી કાર્યવાહી કરવાની થાય તો તે પણ કરવું જોઈએ તેમ જણાવતા આજે છોટાઉદેપુર ના વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરો દ્વારા મોહમ્મદ યુનુસનું પૂતળું સળગાવ્યું હતું.

ચાકલીયા ટીંબી આંગણવાડી કેન્દ્રમાં ગંભીર ક્ષતિઓ ઉજાગર

ડીડીઓની મુલાકાતમાં ગંભીર ક્ષતિ બહાર આવતા રૂ. 51,432/-ની રિકવરી કરાઇ

(પ્રતિનિધિ) ઝાલોદ, તા.26

દાહોદ જિલ્લાના વિકાસ અધિકારી સ્મિત લોઢા દ્વારા તાજેતરમાં ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના ચાકલીયા ટીંબી આંગણવાડી કેન્દ્રની આકસ્મિક ચકાસણી કરવામાં આવી હતી. મુલાકાત દરમ્યાન આંગણવાડી કેન્દ્ર સમય પહેલાં બંધ હાલતમાં જોવા મળ્યું હતું.

ચકાસણી દરમિયાન જાણવા મળ્યું કે બાળકોને આપવામાં આવતી પોષણ સુધા યોજનાના સવાર તથા બપોરના નાસ્તાના મેનૂ અંગે આંગણવાડી વર્કર બહેનને જાણકારી નહોતી. કેન્દ્ર પર ન તો સવારનો નાસ્તો બનાવવામાં આવ્યો હતો કે ન બપોરનું ભોજન. આંગણવાડી કેન્દ્ર પર કોઈપણ પ્રકારની શૈક્ષણિક કે પોષણ સંબંધિત પ્રવૃત્તિ ચાલી રહી નહોતી. દૂધ સંજીવની યોજના અંતર્ગત આપવામાં આવતા દૂધના પાઉચના વિતરણ અંગે કોઈ નોંધપાત્ર આધાર ઉપલબ્ધ નહોતો.

આ ઉપરાંત આંગણવાડી કેન્દ્ર તથા તેની આસપાસ સ્વચ્છતાનો ગંભીર અભાવ જોવા મળ્યો હતો. સુપોષિત દાહોદ એપ્લિકેશનમાં સવારના નાસ્તા, બપોરના ભોજન તથા પૂર્વ પ્રાથમિક શિક્ષણ સંબંધિત ફોટોગ્રાફ અપલોડ કરાયેલા નહોતા. રોજ અપલોડ થતા પૂર્વ પ્રાથમિક શિક્ષણના વિડીયો પણ ડાઉનલોડ કરવામાં આવ્યા નહોતા. આંગણવાડી કેન્દ્ર પર કોઈપણ પ્રકારના રજીસ્ટર નિભાવવામાં આવ્યા નહોતા તેમજ મેનૂ મુજબ બાળકોને ભોજન આપવામાં આવતું નહોતું.

આ બાબતે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા રૂબરૂ ખુલાસો માંગવામાં આવ્યો હતો. જેમાં ચાકલીયા ટીંબી આંગણવાડી કેન્દ્રના કાર્યકર બહેન દ્વારા પોતાની ભૂલ સ્વીકારી માફી માંગવામાં આવી હતી. જોકે, ખાધ્ય સામગ્રી તથા અન્ય સાધન સામગ્રીના નુકસાનના વળતર પેટે રૂ. 51,432ની રકમ સ્વૈચ્છિક રીતે સરકારમાં જમા કરાવવામાં આવી હતી.

કાલોલ ખાતે RSS તેમજ નાગરિકો દ્વારા તુલસી પૂજા કરવામાં આવી

(પ્રતિનિધિ) કાલોલ, તા.26

સનાતન હિન્દૂ સંસ્કૃતિમાં પ્રકૃતિનું મહત્વ સર્વસ્વીકૃત છે. પ્રકૃતિના દરેક તત્વ પ્રત્યે સનાતન આસ્થા જોડાયેલી છે. ત્યારે આજે તુલસીપૂજાનું આયોજન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ,વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકતાઓ અને ઓમ ટેનામેન્ટના રહીશો અને સ્થાનિક નાગરિકો ની હાજરીમાં કરવામાં આવ્યું. ધર્મ, સમાજ અને રાષ્ટ્ર માટે સમર્પિત રહીને પંચપરિવર્તનના મુદ્દાઓની ચર્ચા સાથે તુલસીનું મહત્વ અને ગુરુ ગોવિંદસિંહજીના પરિવારની બલિદાન કથાની સમજ આપવામાં આવી. પશ્ચિમી સંસ્કૃતિના અંધાનુકરણથી સમાજ દૂર રહે તે બાબતે પણ સમજ આપવામાં આવી હતી.

છોટાઉદેપુર જિલ્લામાં વીર બાળ દિવસે જ શાળાઓને તાળાં

સાહિબઝાદાઓની શહાદત વિસરી શિક્ષકો 'મિની વેકેશન'ના મોજમાં!

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.26

છોટાઉદેપુર જિલ્લામાં 'વીર બાળ દિવસ'ની ગરિમા જળવાવાને બદલે શાળાઓમાં મનસ્વી રીતે રજા પાડીને શિક્ષણ જગતને લાંછન લગાડવામાં આવ્યું છે. શિખ ગુરુ ગોવિંદસિંહના બે પુત્રોના બલિદાનને યાદ કરવાને બદલે શિક્ષકોએ તહેવારનું ખોટું બહાનું આગળ ધરીને શાળાઓ બંધ રાખતા રોષ જોવા મળી રહ્યો છે.

વર્ષ 2022થી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 26મી ડિસેમ્બરને વીર બાળ દિવસ તરીકે જાહેર કર્યો છે. વર્ષ 1704માં મુઘલ સેનાના હુમલા બાદ ગુરુ ગોવિંદ સિંહના બે નાના પુત્રો બાબા જોરાવર સિંહ અને બાબા ફતેહ સિંહને મુઘલ વજીરે ઈસ્લામ સ્વીકારવા દબાણ કર્યું હતું. ધર્મ ન બદલવાની મક્કમતા બતાવતા આ બંને રાજકુમારોને જીવતા દીવાલમાં ચણી દેવામાં આવ્યા હતા. આ બલિદાનની ગાથા બાળકો સુધી પહોંચાડવાની જવાબદારી શાળાઓની છે, પરંતુ છોટાઉદેપુરમાં સ્થિતિ ઉલટી જોવા મળી છે.

છોટાઉદેપુર જિલ્લાની કેટલીક શાળાઓમાં આજે શિક્ષણ કાર્ય બંધ રહ્યું હતું. તપાસ દરમિયાન ચોંકાવનારી વિગતો સામે આવી છે. શિક્ષકોએ ચાર દિવસનું મિની વેકેશન માણવા માટે શિક્ષણ વિભાગ પાસે 'ગામમાં સ્થાનિક તહેવાર' હોવાનું બહાનું બતાવી રજા માંગી હતી. જ્યારે ગ્રામીણ સ્તરે તપાસ કરવામાં આવી ત્યારે ખબર પડી કે ગામમાં કોઈ જ તહેવાર નથી. માત્ર રજાઓ ભેગી કરવા માટે જ આ તરકટ રચવામાં આવ્યું હતું.

મોટા ફોફળિયા ગામના CHCમાં મહિલાની જટિલ શસ્ત્રક્રિયા કરાઈ

(પ્રતિનિધિ) શિનોર, તા.26

શિનોર તાલુકાના મોટા ફોફળિયામાં સ્થિત ગ્રાન્ટ ઈન એઈડ છોટુભાઈ એ. પટેલ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં એક અત્યંત દુર્લભ અને જીવલેણ બની શકે તેવી પ્રારંભિક એક્ટોપિક ગર્ભાવસ્થાનું સમયસર નિદાન કરી સફળ જટીલ શસ્ત્રક્રિયા દ્વારા શ્રમજીવી મહિલાનું જીવન બચાવવામાં આવ્યું છે.

નર્મદા જિલ્લાના એક નાનકડા ગામની શ્રમજીવી મહિલા યોનિમાર્ગમાંથી અચાનક રક્તસ્રાવની તકલીફ સાથે સારવાર માટે દવાખાનામાં આવી હતી. અહીંના સ્ત્રીરોગ નિષ્ણાત ડૉ. આસ્થા પટેલ દ્વારા જરૂરી તપાસ કરાતા જાણવા મળ્યું કે, મહિલાને જન્મથી જ મુખ્ય ગર્ભાશય સાથે જોડાયેલું એક વધારાનું નાનું ગર્ભાશય હતું અને હાલનો ગર્ભ આ નાનાં ભાગમાં વિકસી રહ્યો હતો. આવી સ્થિતિ લાખોમાં એક મહિલામાં જોવા મળે છે અને તેમાં ગર્ભ કોઈપણ સમયે ફાટી જવાની તેમજ ભારે રક્તસ્રાવથી માતાના જીવનને ગંભીર જોખમ ઊભું થવાની સંભાવના રહે છે. આથી, તાત્કાલિક શસ્ત્રક્રિયા કરી વધારાના ગર્ભાશયના ભાગ તથા ફેલોપિયન ટ્યુબને સુરક્ષિત રીતે દૂર કરવામાં આવી હતી.